| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ : | ૦૨ | ૦૨ | ૨૦૨૬ |
| દાખલ તારીખ : | ૦૨ | ૦૨ | ૨૦૨૬ |
| ફેસલ તારીખ : | ૩૦ | ૦૬ | ૨૦૨૬ |
| અવધિ | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૪ | ૨૮ |

**મે.જુનાગઢ ખાતેનાં મજુર અદાલતના પ્રિસાઈડીંગ ઓફિસરશ્રી સમક્ષ, મુ.જુનાગઢ.**

**રીકવરી ૩૩(સી.૨) અરજી નં.૦૭/૨૦૨૬**

**આંક : ૧૪**

**અરજદાર : –** કુલાળા યુનુસ ઈસ્માઈલ,
ઉ.વ.૩૫, ધંધો:નોકરી,
રે.માંગરોળ, હે.નવા બસ સ્ટેન્ડ, ઈન્દીરાનગર,
જી.જુનાગઢ.

**– : : વિરૂધ્ધ : : –**

**સામાવાળા : –** માંગરોળ નગરપાલીકા,
થ. ચીફ ઓફીસરશ્રી,
નગરપાલીકા કચેરી માંગરોળ,
મું.માંગરોળ, જી.જુનાગઢ.

**બાબત:–** આઈ.ડી. એકટની કલમ: ૩૩(સી)(૨) હેઠળ અરજી

**અરજદાર તરફે** : – વિ.વ.શ્રી જે. બી. સાવલીયા
**સામાવાળા તરફે** : – વિ.વ.શ્રી ટી. એમ. જોષી.

**– : : હુ ક મ : : –**

(૧) આ કામના અરજદારની હાલની આંક–૧ ની અરજીની ટુંકમા હકિકત એવી છે કે, અરજદાર સામાવાળા સંસ્થામાં પાણી પુરવઠા વિભાગમાં તા.૧/૬/૨૦૧૨ થી ચોકીદાર તરીકે દાખલ થઈ કામગીરી કરતા આવેલ છે. અરજદાર તેમની કામગીરી ઉત્તમ રીતે બજાવી રહેલ છે અને હાલ પણ ફરજ બજાવે છે તેઓને હાલ રોજમદાર તરીકેનુ જ મહેનતાણુ આપે છે. સામાવાળા ધ્વારા તેમના હોદા મુજબના કોઈ કાયમીના લાભો ન આપતા સદરહુ હકકો બાબતે રેફરન્સ આઈ.ટી. ૧૪૫/૨૦૨૨ થી વિવાદ થયેલ જેમાં તા.૩૦/૯/૨૦૨૪ ના એવોર્ડથી અરજદારને પ્રસિધ્ધ તારીખથી

દિવસ–૩૦ માં હોદા મુજબ દાખલ તારીખથી કાયમી ગણી અને તે મુજબના પગાર પંચ સાથેના તમામ લાભો છોડી મળવાપાત્ર પગારનુ બાંધણું કરી અને તે મુજબના લાભો ચુકવવા અને તે મુજબ કાયમીના હકકો આપવા આદેશ થયેલ. વધુમાં નામદાર કોર્ટના એવોર્ડ સામે સામાવાળા નગરપાલીકા ધ્વારા ગુજરાત હાઈકોર્ટમાં સ્પે.સી.એ.નં .૨૫૩૦૫/૨૦૨૫ વિગેરે થી રીટ પીટીશન કરેલ જે નામદાર હાઈકોર્ટ ધ્વારા રદ કરેલ છે. વધુમાં અરજદાર સામાવાળા નગરપાલીકામાં નોકરી કરતા હોઈ એવોર્ડ મુજબનુ પગાર બાંધણુ કરવા અને પાલન કરવા તા.૯/૧/૨૦૨૬ ના તેમના વકીલ મારફત નોટીસ આપેલ સતત રીતે એવોર્ડ મુજબના લાભ મળવા રજુઆત કરતા આવેલ પરંતુ સામાવાળા ધ્વારા તેઓને કાયમીનો પગાર આપેલ નથી. વધુમાં સામાવાળા એવોર્ડના અમલ કરવા એવોર્ડનો હુકમ તારીખથી દિવસ–૩૦ થયે જવાબદાર હોવા છતા અમલ કરેલ નથી. નામદાર ઔદ્યોગિક અદાલતનો એવોર્ડ કયારેય સ્ટે થયેલ નથી. એવોર્ડનો ભંગ થયેલ છે અને સતત રીતે અનફેર લેબર પ્રેકટીસ આચરવામાં આવી રહેલ છે. વધુમાં નગરપાલીકા સટેટયુટરી બોડી હોવા છતા જવાબદાર અધિકારીએ એવોર્ડનો અમલ કરેલ નથી. અધિકારીની જવાબદારી હોવા છતા પણ અમલ કરેલ નથી. અરજદારના કીસ્સામાં લાગુ કાયદાના પ્રોવીઝો મુજબ જયારે માલીક એવોર્ડનો અમલ ન કરે તો નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદા ૨૦૦૦(૩) જીએલઆર પા.૨૩૩૯ ના ચુકાદા મુજબ જયા સુધી એવોર્ડની અમલવારી માલીક ન કરે ત્યાં સુધીના પગારની રેમેડી ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૩૩(સી–૨) અન્વયે શ્રમયોગીને મળવા પાત્ર છે. વધુમાં અરજદારને સામાવાળા એવોર્ડ મુજબ અમલ અંગે એવોર્ડ મુજબ અરજદાર ડીસેમ્બર–૨૦૨૪ થી પગાર ફીકસેશનનો લાભ માંગવા મેળવવા હકકદાર છે અને એવોર્ડ તારીખથી દિવસ–૩૦ બાદથી ડીસેમ્બર–૨૪ થી અરજદારને ચુકવેલ પગાર બાદ કરી તેઓને મળવાપાત્ર કાયમીના પગાર ધોરણ મુજબનો પગાર તફાવત અરજદાર માંગવા હકકદાર છે અને તે મુજબની માંગણી હાલની અરજીમાં કરેલ છે અને અરજદારનો સ્થાપિત હકક છે અને સામાવાળા એવોર્ડ મુજબના લાભ આપવા કાયદેસર રીતે જવાબદાર છે. તે મુજબ સામાવાળાએ રોજમદાર તરીકે ચુકવેલ પગાર

બાદ કરી અને તે મુજબ પગાર તફાવતની રકમ અરજદાર માંગવા મેળવવાનો હકક રાખે છે અને તેઓને ચુકવવા પાત્ર પગારની ગણતરી કરી અરજદારે જાતે તેમની પાસેની અને તેઓને લાગુ પગાર ધોરણ મુજબ પરિશિષ્ટ અલગથી અરજી સાથે રજુ છે તે મુજબ અરજદારને ડીસેમ્બર–૨૪ થી નવેમ્બર–૨૦૨૫ સુધીની તફાવતની રકમ ૧૨ માસની કાયદેસર મળવા પાત્ર છે અને તે માંગવા મેળવવા હકકદાર હોઈ તે મુજબ હાલની અરજી લાવેલ છે. અરજદારની અરજી ચલાવવા નામદારને હકુમત છે મુળ એવોર્ડ નામદાર અદાલત ધ્વારા થયેલ છે જે કાયમ રહેલ છે. અરજદારની લેણી રકમ નાણામાં ગણતરી થઈ શકે તેવી રકમ છે. અરજદાર લાવવાનુ કારણ સતત રીતે ઉત્પન્ન થયેલ છે લેણી રકમ બાબતે વિશેષ સામાવાળા પાસે પગારની વિગતે હોઈ તે રજુ રાખે તેવી અરજી સાથે માંગણી છે હોવા મુજબના પગાર ધોરણની વિગત સામાવાળા કચેરીમાં ઉપલબ્ધ હોઈ જે રજુ થયે વિશેષ અરજદાર તે મુજબ સુધારો વધારો કરવાનો હકક રાખે છે. કામદારની વ્યાખ્યામાં આવે છે. વધુમાં અરજદારની હાલની અરજી આઈ.ડી.એકટની કલમ–૩૩ (સી)(૨) અન્વયે લાવેલ છે. સમયમર્યાદા બાબતે એવોર્ડ બાદથી હાયર કોર્ટમાં વિવાદ ચાલતો હતો. અરજદારને એવી હૈયાધારણ સામાવાળા નગરપાલીકાના અધિકારી આપતા કે તેમોને કાયમીનો પગાર નીયત કરી અપાઈ જશે. સબબ તુરત રીકવરીની કાર્યવાહી કરી શકેલ નહી. સામાવાળાને ત્યાં કામગીરીમાં ચાલુ હોઈ સબબ ચુકવી દેશે તેમ આશા હોઈ સબબ વિલંબ થયેલ છે. વધુમાં અરજદારના કાબુ બહારના સંજોગો વિલંબ થયેલ છે આમ તેમની લેણી રકમ તે સતત રીતે લેણી રકમ હોઈ સબબ સમયમર્યાદા માફ થવાને પાત્ર છે.

સબબ અરજ કરી દાદ માંગેલ છે કે, અરજદારને સામાવાળા પાસેથી ઉપરોકત વિગતે લેણી રકમ રૂા.૧,૦૭,૬૦૧/– સામાવાળા ચુકવવા જવાબદાર તેમ ઠરાવી તે રકમ તેઓને ચુકવે તથા અરજીનુ ખર્ચ તથા લેણી રકમ પર ૧૮% લેખે વ્યાજ અપાવવા અરજ કરેલ છે.

(૨) ત્યારબાદ સામાવાળાને કોર્ટ ધ્વારા નોટીસ કાઢતા નોટીસ ધોરણસર બજી

જતા સામાવાળા વકીલશ્રી મારફત હાજર થઈ આંક–૦૯ થી વાંધા જવાબ રજુ કરેલ છે જેમા અરજદારની અરજીની મહત્વની હકીકતોનો ઈન્કાર કરી ખરી હકીકતે જણાવે છે કે, અરજદારની અરજી કાયદાકીય જોગવાઈઓથી વિરૂધ્ધ હોય રદ થવાને પાત્ર છે. અરજદારની અરજીને સમયમર્યાદાનો બાધ નડતો હોય અને અરજદારની અરજી પ્રોપર ફોર્મમાં ન હોય તે કારણે અરજી રદ થવાને પાત્ર છે. વધુમાં કાનુની કાર્યવાહીઓમાં થયેલ હુકમો અંગે કોઈ વિવાદ નથી. હુકમ થયાની હકીકત ખરી છે પરંતુ તે હુકમ રદ કરવા માટે નગરપાલીકા સંસ્થાએ કાનુની કાર્યવાહી ઉચ્ચ અદાલતમાં દાખલ કરેલ છે. રીટ પીટીશનના કામમાં થયેલ હુકમ સુધારવા માટે ન્યાયીક કાર્યવાહી નામદાર વડી અદાલતમાં દાખલ કરેલ છે. જેથી તેનો નિર્ણય આવ્યેથી, નિર્ણય મુજબ સામાવાળા વર્તશે જે જાહેર કરે છે. નામદાર વડી અદાલતના રીટ પીટીશનના કામમાં થયેલ હુકમ રદ કરવા માટે કાનુની કાર્યવાહીઓ સંસ્થા તરફે કરવામાં આવેલ હોય નામદાર મજૂર/ઔદ્યોગિક અદાલતના હુકમનો ભંગ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. વિશેષમાં સ્ટેચ્યુટરી બોડીમાં રહેલ મુખ્ય અધિકારી હોદાની રૂએ ફરજ બજાવતા હોય તેમા તેઓની અંગત જવાબદારી ગણાય નહી. અરજદારે જણાવેલ માંગણી અંગે નિર્ણય લેવાની નગરપાલીકા અધિનિયમ હેઠળ ચીફ ઓફીસરને સતા નથી પરંતુ સરકારશ્રીમાં દરખાસ્ત કર્યા બાદ મંજૂરી આવ્યેથી અરજી પારા–૪ ની માંગણી અંગે નિર્ણય લઈ શકાય. વધુમાં નામદાર વડી અદાલતમાં ન્યાયીક કાર્યવાહી પેન્ડીંગ હોય ત્યાં સુધી કોઈ નિર્ણય લઈ શકાય નહી તેવી તેમની નમ્ર રજુઆત છે. વધુમાં અરજદારે જણાવેલ માંગણી પ્રિમેચ્યોર હોય તે રીતે નામદાર અદાલતને હાલના તબકકે સુનવણી કરવાની હકુમત હોવાનો ઈન્કાર કરવામાં આવે છે. વધુમાં અરજદારની અરજીને ડીલે લેચીસનો બાધ નડતો હોય તે કારણે અરજી રદ થવાને પાત્ર છે. અરજદારે દર્શાવેલ રકમ મેળવવાને હકકદાર થતા હોવાનો કોઈ આધાર–પુરાવાઓ રજુ કરેલ ન હોય તેમા માંગ્યા મુજબની દાદ અરજદાર માંગવા તથા મેળવવાને હકકદાર હોવાનો ઈન્કાર કરવામાં આવે છે.

(૩) ત્યારબાદ અરજદાર તરફે નીચે મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલ

છે.

**<u>અરજદાર તરફે મૌખીક પુરાવો</u>**

| ક્રમ | મૌખીક પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧ | અરજદાર કુલાળા ચુનુસ ઈસ્માઈલનુ પુરાવાનુ સોગંદનામું | ૧૦ |

**<u>અરજદાર તરફે દસ્તાવેજી પુરાવો</u>**

| ક્રમ | દસ્તાવેજી પુરાવાની વિગત | આંક/નિ. |
|---|---|---|
| ૧ | રેફરન્સ (આઈ.ટી.) કેસ નં.૧૪૫/૨૦૨૨ ના હુકમની નકલ. | ૪/૧ |
| ૨ | અરજદારના આધારકાર્ડની નકલ. | ૪/૨ |

(૪) ત્યારબાદ અરજદાર તરફે આંક–૧૧ થી કલોઝીંગ પુરસીસ રજુ થયેલ છે.

(૫) ત્યારબાદ સામાવાળા તરફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલ છે પરંતુ કોઈ મૌખીક પુરાવો રજુ કરેલ નથી.

**<u>સામાવાળા તરફે દસ્તાવેજી પુરાવો</u>**

| ક્રમ | દસ્તાવેજી પુરાવાની વિગત | આંક/નિ. |
|---|---|---|
| ૧ | નામદાર વડી અદાલતમાં દાખલ કરેલ રીસ્ટોરેશન અરજીના સ્ટેટસ રીપોર્ટની નકલ. | ૧૨/૧ |

(૬) ત્યારબાદ સામાવાળા તરફે આંક–૧૩ થી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે.

(૭) ત્યારબાદ અરજદાર તરફે વિ.વ.શ્રી જે.બી.સાવલીયાએ તથા સામાવાળાના વિ.વ.શ્રી ટી.એમ.જોષીએ રીકવરી સી–૨ નં.૬/૨૬ માં આંક–૧૪ થી રજુ કરેલ દલીલ મુજબની એકસમાન દલીલ હોવાની રજુઆત કરી તેને જ આ કામે દલીલ માન્ય રાખવા અરજ કરેલ જે વંચાણે લીધેલ છે. જેની ચર્ચા જરૂર પડે કારણોની ચર્ચામાં આવરી લેવામાં આવશે.

(૮) આમ ઉપરોકત રજુ થયેલ મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતા નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું અરજદાર આ કામના સામાવાળા પાસેથી અરજીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

(૨) શું આખરી હુકમ ?

J.S.JADAV
JUDGE(J.D),LABOUR COURT,JUNAGADH

(૯) ઉપરોકત મુદાઓનો ન્યાય નિર્ણય નીચે જણાવેલ કારણોસર થાય છે.

**મુદા નં.૧** અંશત: હકારમાં.

**મુદા નં.૨** આખરી હુકમ મુજબ

## –::કારણો::–

**(૧૦) મુદા નં. ૧ :–**

સદર મુદા સબંધે અરજદારે હાલની આ અરજી ઔધોગીક વિવાદ ધારાની કલમ–૩૩સી(૨) હેઠળ દાખલ કરેલ છે. આ કલમમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, કોઈ કામદારની માલિક પાસે કોઈ રકમ અથવા નાણામાં ગણતરી કરી શકાય તેવી કોઈ રકમ મેળવવા હકકદાર થતા હોય તેનો અર્થએ થાય કે અરજદારને કોઈ લેણી રકમ મેળવવા પ્રસ્થાપિત હકક કે અધિકાર હોવો જોઈએ. જયાં સુધી આ રીતે કોઈ પ્રસ્થાપિત હકક કે અધિકાર સાબિત ન કરે તો તેઓને ઔધોગીક વિવાદ ધારાની કલમ–૩૩ સી (૨) હેઠળ આવી અરજી કરવાનો હકક રહેતો નથી.ઉપરોકત કાયદાની પૂર્વ ભુમિકા નજર સમક્ષ રાખીએ તો આ કામે અરજદારે હાલની અરજી રેફરન્સ (આઈ.ટી) કેસ નં.૧૪૫/૨૦૨૨ ના તા.૩૦/૯/૨૦૨૪ ના હુકમ અન્વયે દાખલ કરેલ છે. ઉપરોકત રેફરન્સના કામે નીચે મુજબનો હુકમ કરેલ છે.

**–: હુકમ:–**

(૧) બીજા પક્ષકારનો હાલનો રેફરન્સ અંશત:મંજુર કરવામાં આવે છે અને પ્રથમ પક્ષકાર સંસ્થાને આદેશ કરવામાં આવે છે કે, હાલના ઔધોગિક વિવાદની અનુસુચિ સાથે સંકળાયેલ સંલગ્ન કામદારશ્રી કુલાળા ચુનુસ ઈસ્માઈલભાઈ પ્રથમ પક્ષકાર સંસ્થામાં ચોકીદાર તરીકે પાણી પુરવઠા શાખામાં દાખલ થયેલ હોય તે તારીખ ધ્યાને લઈ, સંલગ્ન કામદારે જે કેલેન્ડર વર્ષમાં ૨૪૦ દિવસ કે તેથી વધુ કામગીરી કરેલ હોય તે વર્ષથી સંલગ્ન કામદારને, કાયમી કર્મચારીની સમકક્ષ લેવાતી ફરજો મુજબનુ પગાર ધોરણ ધ્યાને લઈ, સદરહુ વર્ષે કાયમી કામદારનુ પગાર ધોરણ હોય તેને ધ્યાને રાખી, તે પગાર ધોરણ સંલગ્ન કામદારનુ ગણી, તેને નોશનલ પે ગણી એટલે કે પગાર ધોરણમાં જે ઈજાફાઓ દર્શાવેલ હોય તે પ્રમાણે પગાર ધોરણમાં ફેરફાર કરી હાલ તેમના હોદ્દાને સમકક્ષ કાયમી કર્મચારીને મળતા પગાર ધોરણ મુજબ ગ્રેડ, મોંઘવારી ભથ્થુ તથા અન્ય મળવાપાત્ર લાભ ચુકવવા તેવો હુકમ કરવામાં આવે છે.

વધુમાં સંલગ્ન કામદારનો પગાર નોશનલ પે એટલે કે કાલ્પનિક પગાર ગણેલ હોય વચ્ચેના સમયના આર્થિક તફાવતના કોઈ લાભની રકમ મેળવવા સબંધિત કામદાર હકકદાર થશે નહી.

(૨) સદરહુ એવોર્ડ પ્રસિધ્ધ થયેથી દિન–૩૦ માં હાલના એવોર્ડના હુકમ મુજબનો અમલ કરવો.

(૩) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

J.S.JADAV
JUDGE(J.D),LABOUR COURT,JUNAGADH

સ્થળ: રાજકોટ(કેમ્પ:જુનાગઢ)
તા.૨૪/૦૯/૨૦૨૪

(મોબીન અબ્દુલરસીદ ટેલર)
(કોડ: જીજે ૦૦૬૪૫)
ઔદ્યોગિક ન્યાયપંચ
રાજકોટ.

**(૧૧)** વધુમાં સદર મુદ્દા સબંધે અરજદાર તરફે આંક–૧૦ થી લેખીત સરતપાસનુ સોગંદનામું રજુ કરેલ છે. જેમાં અરજદારે આંક–૧ ની અરજી મુજબની હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ છે. જે સામે સામાવાળા તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવે છે કે, '' હુ ગ્રેજયુએટ સુધી ભણેલો છુ. **એ વાત ખરી છે કે, હાલની અરજી મે નામ.ઓધોગિક અદાલતના હુકમના આધારે કરી છે.** એ વાત ખરી છે કે, નામ. ઓધોગિક અદાલતના હુકમ સામે નગરપાલિકા માંગરોળનાએ નામ ગુજરાત હાઈકોર્ટની સામે રીટ પિટિશન કરેલ છે જે રદ કરેલ છે તે હકીકત નામ. લેબર કોર્ટને હાલની અરજી તથા સરતપાસના સોગંદનામામાં જણાવેલ છે. **એ વાત ખરી છે કે, હાલની અરજીમાં મે પગારબાંધણી કરી છે તે ના હુકમો સરકારમાંથી થઈ આવેલ છે. એ વાત ખરી છે કે, નગરપાલિકાની વડી કચેરી પ્રાદેશિક નિયામકશ્રી, નગરપાલિકાઓ હોય છે. એ વાતની મને ખબર નથી કે, પગારબાંધણીના હુકમો નગરપાલિકાને મળેલ છે કે કેમ.** એ વાત ખરી છે કે, મે નામ. મજુર અદાલત અને નામ.વડી અદાલતનો હુકમ વાંચીને આ કામે રજુ કરેલ છે. એ વાત ખરી છે કે, આ અગાઉ મે મડંળમાં વિવાદ અંગે અરજી કરેલી.'' આ સિવાય અરજદાર તરફે અન્ય કોઈ મૌખીક પુરાવો રજુ થયેલ નથી. તેવી જ રીતે સામાવાળા દ્વારા કોઈ મૌખીક પુરાવો રજુ કરવામાં આવેલ નથી.

**(૧૨)** આમ ઉપરોકત તમામ મૌખીક તથા દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં, અરજદારે રેફરન્સ (આઈ.ટી.) કેસ નં.૧૪૫/૨૦૨૨ દાખલ કરેલ જેમા તા.૩૦/૯/૨૦૨૪ ના એવોર્ડ થી અરજદારને એવોર્ડ પ્રસિધ્ધ તારીખથી દિવસ–૩૦ માં હોદા મુજબ દાખલ તારીખથી કાયમી ગણી અને તે મુજબના પગાર પંચ સાથેના લાભો છોડી મળવાપાત્ર પગારનુ બાંધણુ કરી અને તે મુજબના લાભો ચુકવવા અને તે મુજબ કાયમીના હકકો આપવા આદેશ થયેલ છે જે સામે સામાવાળા નગરપાલીકા દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટમાં એફ/સ્પે.સી.એ.નં.૨૫૩૦૫/૨૦૨૫ વિગેરે થી રીટ પીટીશન કરેલ જે રદ કરવામાં

આવેલ અને ઔદ્યોગિક ન્યાયપંચનો હુકમ કાયમ રહેલ. આમ નામદાર ઔદ્યોગિક અદાલતના એવોર્ડ કયારેય કોઈ સ્ટે થયેલ નથી. જેથી અરજદારને સામાવાળા એવોર્ડ મુજબ ડીસેમ્બર–૨૦૨૪ થી પગાર ફીકસેશનનો લાભ ચુકવવા જવાબદાર છે અને અરજદારને એવોર્ડ તારીખથી ૩૦ દિવસ બાદ કરી ડીસેમ્બર–૨૪ થી અરજદારને ચુકવેલ પગાર બાદ કરી મળવાપાત્ર કાયમીનો પગાર ધોરણ મુજબનો પગાર તફાવત રકમ રૂ.૧,૦૭,૬૦૧/– મેળવવા તથા અરજી ખર્ચ અને લેણી રકમ ઉપર ૧૮% લેખે વ્યાજ મેળવવા રજુઆત કરેલ છે. જયારે અરજદાર તરફે તેમની દલીલોમાં કાયમીનો હુકમ થયેલ હોય અને તેની સામે નામદાર હાઈકોર્ટમાં થયેલ અપીલ પણ રદ થયેલ હોવાથી કાયમી કર્મચારીને મળવાપાત્ર પગાર મેળવવા હકકદાર હોવાની રજુઆત કરેલ છે. જયારે સામાવાળા સંસ્થા તરફે તેમની દલીલોમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્પે.સી.એ. રદ કરવામાં આવેલ હોય જેથી ઉપલી અદાલતમાં રીસ્ટોરેશનની અરજી દાખલ કરવા કાર્યવાહી કરેલ છે જે હાલ પેન્ડીંગ હોવાનું જણાવે છે. પરંતુ રજુ કરેલ હાઈકોર્ટનો રીપોર્ટએ માત્ર રીપોર્ટ છે જેમાં રીસ્ટોર અરજી દાખલ કરવા થયેલ વિલંબ માટેની ડીલે અરજી કરેલ હોવાનુ જણાઈ આવે છે જેમા પણ અરજદારનુ (સામાવાળા) સોગંદનામુ રજુ થયેલ નથી તથા કેટલા દિવસનુ ડીલે છે તેવી હકીકત જણાવેલ નથી. કોઈ સહી નથી તેવુ દર્શાવેલ છે આ સાથે અરજદાર તરફે રજુ થયેલ નામદાર વડી અદાલતના ચુકાદાઓ (૧) ૨૦૦૦(૩) જીએલઆર, પાના નં.૨૩૩૯ તથા (૨) એલપીએ નં.૧૩૭/૨૦૧૯ નામદાર ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ જે વંચાણે લેતા તે મુજબ જયાં સુધી કોઈ સ્ટે આપેલ ન હોય ત્યાં સુધી કેસમાં આગળ કાર્યવાહી કરવા લેબર કોર્ટ બંધાયેલ હોવાનુ જણાવેલ છે અને હાલના કેસમાં કોઈ સ્ટે આપેલ હોય તેવુ જણાઈ આવતુ નથી કે મુળ રીસ્ટોરની અરજી પણ દાખલ થયેલ હોવાનુ જણાય આવતુ નથી. જેથી માત્ર આવા દાખલ કરવાના રીપોર્ટ રજુ કરવા માત્રથી મેટર હાઈકોર્ટમાં પેન્ડીંગ હોવાનુ માની શકાય નહી. આમ સદર હકીકત સાથે અરજદારએ હાલની આંક–૧ ની અરજી સાથે રજુ કરેલ પરિશિષ્ટમાં

ડીસેમ્બર–૨૦૨૪ થી નવેમ્બર–૨૦૨૫ ના પગારની રકમ રૂા.૧,૦૭,૬૦૧/– તથા અરજી ખર્ચની રકમ ચુકવવા માંગણી કરેલ છે પરંતુ અરજદારે તેઓની **આંક–૧૦** ની ઉલટ તપાસમાં કબુલ કરેલ છે કે '' **એ વાત ખરી છે કે, હાલની અરજી મે નામ.ઓદ્યોગિક અદાલતના હુકમના આધારે કરી છે. એ વાત ખરી છે કે, નામ. ઓદ્યોગિક અદાલતના હુકમ સામે નગરપાલિકા માંગરોળનાએ નામ ગુજરાત હાઈકોર્ટની સામે રીટ પિટિશન કરેલ છે જે રદ કરેલ છે તે હકીકત નામ. લેબર કોર્ટને હાલની અરજી તથા સરતપાસના સોગંદનામામાં જણાવેલ છે. એ વાત ખરી છે કે, હાલની અરજીમાં મે પગારબાંધણી કરી છે તેના હુકમો સરકારમાંથી થઈ આવેલ છે.** એ વાત ખરી છે કે, નગરપાલિકાની વડી કચેરી પ્રાદેશિક નિયામકશ્રી, નગરપાલિકાઓ હોય છે. એ વાતની મને ખબર નથી કે, પગારબાંધણીના હુકમો નગરપાલિકાને મળેલ છે કે કેમ. **એ વાત ખરી છે કે, મે નામ. મજુર અદાલત અને નામ.વડી અદાલતનો હુકમ વાંચીને આ કામે રજુ કરેલ છે**. એ વાત ખરી છે કે, આ અગાઉ મે મડંળમાં વિવાદ અંગે અરજી કરેલી.'' આમ, અરજદાર ધ્વારા તેઓએ કાયમી કર્મચારીને મળતા પગારની કઈ રીતે ગણતરી કરેલ છે તેનો કોઈ સામાવાળી કચેરીનો સહી સિકકા વાળો આધાર પુરાવો રેકર્ડ પર રજુ કરેલ નથી કે અરજદાર તેની જુબાનીમાં જણાવે છે તેવા કોઈ સરકારશ્રીના પગાર બાંધણીના હુકમો કે તેના આધારભુત દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી કે અરજદાર ધ્વારા તેના કયા વર્ષમાં ર૪૦ દિવસ પુર્ણ થયેલા છે તથા કયાંથી પગારની ગણતરી કરેલ છે તેવી કોઈ હકીકત પણ જણાવવામાં આવેલ નથી. તે સંજોગોમાં અરજદાર આવી રકમ મેળવવા હકકદાર છે તેવુ પુરવાર થયા વિના માંગ્યા મુજબની રકમ ચુકવવાનો હુકમ થઈ શકે નહી. વધુમાં આવા કારણસર આખેઆખી અરજી રદ કરવી ન્યાયોચિત જણાતુ નથી કારણ કે રેફરન્સ આઈ.ટી. ૧૪૫/૨૦૨૨ નો હુકમ વંચાણે લેતા, અરજદારને સંલગ્ન કામદારે જે કેલેન્ડર વર્ષમાં ર૪૦ દિવસ કે તેથી વધુ કામગીરી કરેલ હોય તે વર્ષથી સંલગ્ન કામદારને કાયમી કર્મચારીની સમકક્ષ લેવાતી ફરજો મુજબ પગાર ધોરણ ધ્યાને લઈ સદરહુ વર્ષે કાયમી કામદારનુ પગાર ધોરણ હોય તે ધ્યાને રાખી તે પગાર ધોરણ સંલગ્ન કામદારનુ ગણી તેને નોશનલ પે ગણી

એટલે કે પગાર ધોરણમાં જે ઈજાફાઓ દર્શાવેલ હોય તે પ્રમાણે પગાર ધોરણમાં ફેરફાર કરી હાલ તેમના હોદ્દાને સમકક્ષ કાયમી કર્મચારીને મળતા પગાર ધોરણ મુજબ ગ્રેડ, મોંઘવારી ભથ્થુ તથા અન્ય મળવાપાત્ર લાભો ચુકવવા તથા સદરહુ એવોર્ડ પ્રસિધ્ધ થયેથી દિન–૩૦ માં હુકમ મુજબનો અમલ કરવાનો હુકમ કરવામાં આવેલ છે. તેમજ સદરહુ હુકમ નામદાર હાઈકોર્ટમાં પણ કાયમ રહેલ છે. આમ, અરજદાર રેફરન્સ (આઈ.ટી.) નં.૧૪૫/૨૦૨૨ ના હુકમ મુજબ તફાવતની રકમ મેળવવા હકકદાર થતા હોવાનુ માનવાને કારણ રહે છે.

(૧૩) વધુમાં આ કામમાં અરજદારે લેણી રકમ ૧૮ % ના વ્યાજ સાથે સામાવાળા ચુકવે તેવી દાદ માંગેલ છે. આ બાબતે ચર્ચા કરવામાં આવે તો હવે જયારે અરજદાર ઉપરોકત વિગતે લેણી રકમ મેળવવા હકકદાર બનેલ હોય ત્યારે, તે રકમ તેઓને નિયત સમય મર્યાદામાં મળી જવી જરૂરી છે અને જો તેમ ન થાય તો તેવા હુકમનો કોઈ અર્થ રહે નહી અને તેવી લેણી રકમનું સમય જતા મુલ્યાંકન ઘટી જવા પામે છે. તે સંજોગોમાં આવો પ્રસંગ નિવારવા અરજદારને લેણી રકમ વસુલ થતા સુધી યોગ્ય દરે વ્યાજ અપાવવાનો હુકમ કરવાથી ન્યાયનો હેતુ જળવાય રહેશે. આ સંબંધે નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષના મેનેજર નાઝ સિનેમા વિ. વસંતાબેન રમેશભાઈ કુમડીયાનો કેસ કે જે, ૨૦૧૧(III), સી.એલ.આર., પાના નં.૫૦૮, (ગુજરાત), (ડી.બી.) ઉપર રીપોર્ટ થયેલ છે જેમાં નામ. હાઈકોર્ટે પ્રસ્થાપિત કરેલ છે કે, લેબર કોર્ટે કલમ–૩૩(સી–૧,૨) હેઠળની કાર્યવાહીમાં અરજદારને પગાર મોડો ચુકવેલ તે સંદર્ભે વ્યાજનો હુકમ કરેલ અને તે અંગે નામ.ગુજરાત હાઈકોર્ટે લેબર કોર્ટને વ્યાજનો હુકમ કરવાની સત્તા હોવાનું ઠરાવેલ છે. વધુમાં સ્પે.સી.એ. નં.૩૯૨/૨૦૦૩, નો કેસ કે જે ભાવનગર નાગરીક સહકારી બેંક લી. વિ. ભદ્રેશભાઈ રજનીકાંત શાહ નો હતો તેમાં નામ.હાઈકોર્ટે તા.૧૪/૨/૨૦૧૩ ના રોજ હુકમ પસાર કરેલ અને તેમાં એવું ઠરાવેલ કે, લેબર કોર્ટે રીકવરી પ્રોસીડીંગ્સના કામમાં ૯ % ના વ્યાજનો હુકમ કરેલ તે યોગ્ય અને કાયદેસર છે. આમ ઉપરોકત ચુકાદાઓ વંચાણે લેતા પણ રીકવરી અરજીમાં અરજદારને લેણી રકમ

ઉપર વ્યાજનો હુકમ કરી શકાય તેવું પ્રસ્થાપિત કરેલ હોઈ તે સંજોગોમાં અરજદારને જો સામાવાળા લેણી રકમ દિન–૯૦ માં ન ચુકવે તો ત્યારબાદ તે રકમ વસુલ થતાં સુધી વાર્ષિક ૯ % ના સાદા વ્યાજના દરે લેણી રકમ ચુકવવા જવાબદાર ઠરે છે. જેથી ઉપરોકત ચર્ચાના અંતે આ કામના અરજદાર સામાવાળા પાસેથી રેફરન્સ આઈ.ટી. નં.૧૪૫/૨૦૨૨ માં તા.૩૦/૯/૨૪ નારોજ થયેલ એવોર્ડ મુજબની પગારની રકમમાંથી અરજદારે મેળવેલ પગાર બાદ કરી બાકી રહેતી રકમ મેળવવા હકકદાર હોવાનું માનવામાં આવે છે. વધુમાં સામાવાળા સંસ્થાની બેદરકારીને લીધે અરજદારને કાયમીના લાભો મળેલ ન હોય જે મેળવવા અરજદારે હાલની અરજી દાખલ કરવી પડેલ હોય, સામાવાળાએ અરજદારને હાલની અરજી ખર્ચ ચુકવી આપવાનો હુકમ કરવો યોગ્ય અને વ્યાજબી હોવાનુ માનવામાં આવે છે. જેથી મુદા નં.૧ પુરવાર કરવામાં અરજદાર સફળ રહેલ હોઈ, **મુદા નં.૧** નો જવાબ '**અંશતઃ હકાર**'માં આપવામાં આવેલ છે અને મુદા નં.૧ ના જવાબના આધારે **મુદા નં.૨** નો જવાબ નીચે આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: આખરી હુકમ ::–

(૧) આથી અરજદારની રીકવરી(સી.૨)અરજી નં.૦૭/૨૦૨૬ **અંશતઃ મંજુર** કરવામાં આવે છે.

(૨) વધુમાં આ કામના અરજદાર સામાવાળા પાસેથી રેફરન્સ (આઈ.ટી.) કેસ નં.૧૪૫/૨૦૨૨ માં તા.૩૦/૯/૨૦૨૪ નારોજ થયેલ એવોર્ડ ના હુકમ મુજબની પગારની રકમમાંથી અરજદારે મેળવેલ પગાર બાદ કરી બાકી રહેતી રકમ કાયદેસર મેળવવા હકકદાર હોવાનું ઠરાવવામાં આવે છે.

(૩) વધુમાં આ કામના સામાવાળાએ રેફરન્સ (આઈ.ટી) કેસ નં.૧૪૫/૨૦૨૨ માં તા.૩૦/૯/૨૦૨૪ નારોજ થયેલ એવોર્ડના હુકમ મુજબ મળવાપાત્ર પગારમાંથી અરજદારે મેળવેલ પગારની રકમ બાદ કરી બાકી તફાવતની રકમ આ હુકમથી દિન–૯૦ માં ગણતરી કરીને અરજદારને ચુકવી આપવાનો હુકમ કરવામાં

આવે છે. વધુમાં જો સામાવાળા હુકમ તારીખના ૯૦ દિવસમાં અરજદારને ચુકવવાપાત્ર રકમ ચુકવવામાં કસુર કરે રકમ વસુલ થતાં સુધી વાર્ષિક ૯% ના સાદા વ્યાજના દરે વ્યાજ સહીતની રકમ અરજદાર વસુલ મેળવવા હકકદાર બનશે.

(૪) વધુમાં અરજી ખર્ચના રૂા.૫૦૦૦/– સામાવાળાએ અરજદારને દિન–૩૦ માં ચુકવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૩૦ મી માહે: જુન, સને: ૨૦૨૬ ના રોજ ખુલ્લી કોર્ટમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

જુનાગઢ.
તા.૩૦/૦૬/૨૦૨૬

**(જે.એસ.જાદવ)**
પ્રમુખ અધિકારી, મજુર અદાલત,
જુનાગઢ. (જી.જે.૦૧૪૨૪)

J.S.JADAV
JUDGE(J.D),LABOUR COURT,JUNAGADH